# મોદી સરકારની દિવાળી ભેટ : ડીઝલમાં રૂ.૩.૩૭નો ઘટાડો

## ડિઝલ અંકુશમુક્ત : ગાંધીનગર-અમદાવાદમાં ડિઝલની કિંમત ઘટીને લીટરદીઠ ૬૧.૫૨ થઇ : ઘટાડો તાત્કાલિક અમલી

નવીદિલ્હી,તા. ૧૮

એક અતિસાહસી અને દૂરગામી નિર્ણયના ભાગરુપે સરકારે તાત્કાલિક અમલ સાથે ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવાનો આજે નિર્ણય કર્યો હતો. આની સાથે જ ડિઝલની કિંમતમાં લીટરદીઠ સેલ ટેક્સ અને વેટ સિવાય ૩.૩૭ રૂપિયાનો ઘટાડો પણ કરવામાં આવ્યો છે. ડિઝલોની કિંમતને અંકુશમુક્ત કરવામાં આવ્યા બાદ હવે પેટ્રોલની જેમ જ ડિઝલની કિંમતો પણ બજાર દ્વારા નક્કી કરવામાં આવશે. આજે ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૩.૩૭નો ઘટાડો કરવામાં આવ્યો છે પરંતુ ગુજરાતમાં આ ઘટાડો ચાર રૂપિયાનો રહેશે. ગુજરાતના જુદા જુદા શહેરોમાં હાલમાં જે ડિઝલની કિંમત છે તેમાં રૂપિયા ચારનો ઘટાડો થશે. આનો મતલબ એ થયો કે, અમદાવાદમાં ડિઝલની કિંમત લીટરદીઠ હાલમાં ૬૫.૫૨ રૂપિયા હતી જે હવે ઘટીને ૬૧.૫૨ રૂપિયા થશે. આવી જ રીતે વડોદરામાં ડિઝલની કિંમત ઘટીને હવે ૬૧.૧૬ રૂપિયા થશે. ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવામાં આવ્યા બાદ તરત જ તેની કિંમતમાં ૩.૩૭ રૂપિયાનો ઘટાડો થઈ ગયો છે. કેન્દ્ર સરકારે આની સાથે જ ગેસની કિંમતો પર રિલાયન્સ ગ્રુપના મુકેશ અંબાણીને ફટકો આપી દીધો છે. કુદરતી ગેસની કિંમત ૪.૨ ડોલરથી વધારીને ૫.૬૧ ડોલર કરી દેવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, યુપીએ સરકારમાં આને ૮.૪ ડોલર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આને આમ આદમી પાર્ટીએ મોટો મુદ્દો બનાવ્યો હતો. આજે કેબિનેટની બેઠકમાં શ્રેણીબદ્ધ નિર્ણય લેવામાં આવ્યા હતા. નાણામંત્રી અરુણ જેટલીએ પત્રકાર પરિષદ યોજીને આ અંગેની જાહેરાત કરી હતી. જેટલીએ જાહેરાત કરી હતી કે, ડિઝલની કિંમતોને બજારની કિમત સાથે જોડી દેવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, કેસ ટ્રાન્સફર સ્કીમને ફરી શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. એલપીજી સબસિડીને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમની સાથે જોડવામાં આવશે. શરૂઆતમાં આધારકાર્ડ અને બેંક એકાઉન્ટ મારફતે આ સબસિડી ટ્રાન્સફર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, ૧૦મી નવેમ્બરથી એક મિશન મોડમાં આ યોજના શરૂ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

બીજાઓ માટે પ્રેમથી પ્રેરિત થઇને જે કંઇ કરવામાં આવે છે તે સાચી સેવા છે
- સરદાર પટેલ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૧૮ | ૧૯ ઓક્ટોબર, ૨૦૧૪, રવિવાર ; આસો વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ફટાકડા બજારના સ્થળ બદલાયા

## સેક્ટર-૧૧ અને સેક્ટર-૬ માં ચારસોથી વધુ દુકાનો માટે જોગવાઈ

## સે. ૨૧માં ટ્રાફિકની સમસ્યાને લઈ સ્થળ ફેરફાર કરાયો : સે. ૧૧ માં ૩૫૦ સ્ટોલ્સ અને સે. ૬ માં ૭૫ જેટલા સ્ટોલ્સ ફાળવવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૧ ના બદલે હવે સે. ૧૧ અને સે. ૬ માં ફટાકડા બજાર ઉભુ કરવાનો મહત્વનો નિર્ણય લઈ ૪૨૨ જેટલા પરવાના પણ આ માટે ઈસ્યુ કર્યા છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨૧ માં ફટાકડા બજાર ઉભુ કરવા સામે ફાયરબ્રિગેડ તેમજ પોલીસ સત્તાવાળાઓએ લીધેલા વાંધાને ધ્યાને લઈ જિલ્લાતંત્રએ સે. ૧૧માં ૩૫૦ જેટલા સ્ટોલ્સ માટે તેમજ સે. ૬ માં ૭૪ જેટલા સ્ટોલ્સ માટેના પરવાના ઈસ્યુ કર્યા છે.

સેક્ટર-૨૧ માં શાકમાર્કેટને કારણે તેમજ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં પણ દિપાવલી પર્વને લઈ ટ્રાફિકની સમસ્યા વિકટ બને છે. આથી પોલીસ અને ફાયર વિભાગે આ અંગે તેમનો અભિપ્રાય નકારાત્મક આવ્યો હતો.

આગ કે અન્ય કોઈ આકસ્મિક ઘટના બને તો તેને નિયંત્રિત કરવામાં ભારે મુશ્કેલી ઉભી થાય તેવી શક્યતાઓ દર્શાવતાં તંત્રએ સે. ૧૧ ના રામકથા મેદાન ખાતે ૩૫૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરવાની મંજૂરી આપી છે. આ સ્ટોલ્સ માટેના જરૂરી પરવાના પણ આપવામાં આવ્યા છે. આ સ્ટોલ્સની ફાળવણી ડ્રો કરીને કરવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે સે. ૧૧ ઉપરાંત સે. ૬ માં પણ ૭૫ જેટલા પરવાના સ્ટોલ્સ માટે આપવામાં આવ્યા છે. ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર











### જિલ્લા રાજપૂત સમાજ દ્વારા ૧૮માં ભવ્ય સમૂહલગ્નોત્સવનું આયોજન

ગાંધીનગર જિલ્લાના તમામ રાજપૂત પરિવારોને જણાવવાનું કે, જિલ્લા રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ૧૮માં સમૂહ લગ્નોત્સવનું આગામી આયોજન ફાગણ સુદ-૪ તા. ૨૨-૦૨-૨૦૧૫ને રવિવારના રોજ રાંધેજા તા.જી. ગાંધીનગર મુકામે રાખેલ છે. જેથી સમૂહ લગ્નોત્સવમાં જોડાવવા માટેના ફોર્મનું વિતરણ તા. ૨૮-૧૦-૨૦૧૪ને મંગળવાર (લાભ પાંચમ) થી શરૂ થશે. અને ફોર્મ પરત કરવાની અંતિમ તા. ૨૦-૦૧-૨૦૧૫ રહેશે. ફોર્મ મેળવવા તથા પરત કરવા માટે શ્રી રાજપૂત સમાજ ભવન સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધીમાં સંપર્ક કરવાનો રહેશે.

રતનસિંહ વાઘેલા-કોલવડા (અધ્યક્ષ સમૂહ લગ્ન સમિતિ) મો. ૯૮૯૮૮૨૧૭૪૬




